# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

નં.યુડીએ/પ્લાન-૬/પરવાનગી/૪૭/૨૦૧૮
શહેરી વિકાસ સત્તામંડળ, કારેલીબાગ,
વડોદરા – ૧૮.
તારીખ :-૧૩ - ૧૧ – ૨૦૧૮

પ્રતિ,
શ્રી પટેલ પ્રવિણભાઈ ડાહ્યાભાઇ તથા અન્ય ૩ ના
કુ.મું.શ્રી તુપલ કુમાર પ્રવિણભાઈ પટેલ
મુ.પો.સેવાસી,
તા.જી.વડોદરા

વિષય:- મોજે સેવાસી, તા.જી.વડોદરાના રે.સ.નં.૧૭૬/૩,૧૯૫-૧+૨, બ્લોકનં.૧૫૬, ફા.પ્લોટનં.૦૧, ટી.પી.સ્કીમનં.૦૨ (સેવાસી) વાળી જમીનમાં એક લોરાઇઝ ટાવરમાં વાણિજય હેતુની કુલ-૦૩ ઓફીસ તથા ૧૭૧ દુકાનોના બાંધકામ માટે વિકાસ પરવાનગી આપવા બાબત.

સંદર્ભ :- આપની તા.૧૬-૦૪-૨૦૧૮ તથા ૨૬-૦૪-૨૦૧૮ની અરજી.

ઉપરોકત વિષય અને સંદર્ભ બાબતે વિકાસ પરવાનગી અને અત્રે મંજુર કરવામાં આવેલ નકશા આ સાથે સામેલ છે. જે વિદીત થાય.

નોંધ પર મળેલ મુખ્ય કારોબારી અધિકારીશ્રી
ની મંજુરી અનુસાર

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

બિડાણ :- (૧) વિકાસ માટે પરવાનગી પત્ર
(૨) મંજુર કરેલ નકશા.

નકલ રવાના પ્રતિ :-
કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.
જીલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફ્તરની કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.
નગર રચના અધિકારીશ્રી, નગર રચના યોજનાઓની કચેરી,વડોદરા તરફ જાણ સારૂ.

Scanned by CamScanner

# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

## વિકાસ પરવાનગી

શ્રી પટેલ પ્રવિણભાઈ ડાહ્યાભાઇ તથા અન્ય ૩ ના કુ.મું.શ્રી તુપલ કુમાર પ્રવિણભાઈ પટેલ,ગામ સેવાસી, તા.જી.વડોદરાના રે.સ.નં.૧૭૬/૩,૧૯૫-૧+૨, બ્લોકનં.૧૫૬, ફા.પ્લોટનં.૦૧, ટી.પી.સ્કીમનં.૦૨ (સેવાસી) વાળી જમીનમાં ક્ષેત્રફળ ૯૧૫૫ પૈકી ૩૧૧૮.૫૦ ચો.મી.માં બાંધકામ ક્ષેત્રફળ બેઝમેંટ પાર્કીગ, ગ્રાઉન્ડ ફલોર ૧૨૮૫.૭૩, ચો.મી ફર્સ્ટ ફલોર ૧૨૮૫.૭૩ચો.મી, સેકન્ડ ફલોર ૧૨૯૭.૮૧ચો.મી, થર્ડ ફ્લોર ૧૨૨૭.૬૮ચો.મી., ફોર્થ ફલોર ૧૨૨૭.૬૮ચો.મી, ફીફથ ફલોર ૧૨૨૭.૬૮ચો.મી, સીક્ષ્થ ફલોર ૬૮૯.૫૯ચો.મી.,માં મળી કુલ બાંધકામ ક્ષેત્રફળ ૮૪૧૯.૭૦ ચો.મી.માં એક લોરાઇઝ ટાવરમાં વાણિજય હેતુની કુલ-૦૩ ઓફીસ તથા ૧૭૧ દુકાનોના બાંધકામ માટે નીચેની ખાસ શરતોને અને પાછળ દર્શાવેલ સામાન્ય શરતોને આધીન રહી ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬(સને ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭)ની કલમ-૩૪ હેઠળ લે-આઉટ અને કલમ-૨૯/૧(૧), ૨૯/૧(૨)હેઠળ આથી વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

ખાસ શરતો :-

૧.સ્થળે બાંધકામ શરૂ કરતા પહેલા ૭ (સાત) દિવસ અગાઉ સોઇલ ટેસ્ટ રીપોર્ટ, ફોર્મ નં.૧૦, ફોર્મ નં ૧૧,તથા સ્ટ્રકચરલ ડીટેલ ડ્રોઇંગ,સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટીફીકેટ રજુ કરવાના રહેશે.

૨.શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના હુકમ ક્માંક:વનમ-૧૦૦૮-૩૨૬૦-લ,તા.૧૦/૩/૧૦ની જોગવાઇ મુજબ કુલ-૪૭ વૃક્ષોનુ વાવેતર/જાળવણી કરવાની રહેશે.

૩.શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૪/૧૯૬૧/લ, તા.૨૭/૭/૨૦૧૦ની જોગવાઇ મુજબ પરકોલેટીંગ વેલની જોગવાઇ કરવાની રહેશે.

૪.જી.ડી.સી.આર-૨૦૦૬ની કલોઝ નં.૩.૬ની મેન્ડેટરી ડીસ્કલોઝરની જોગવાઇનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૫.પ્લીન્થચેક સર્ટીફીકેટ મેળવતા અગાઉ રેરા સર્ટીફીકેટ રજુ કરાવાનું રહેશે.ગુજરાત રીયલ એસ્ટેટ રૂલ્સ-૨૦૧૬ની જોગવાઇઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૬.સવાલવાળી જમીનમાં લાઇટ, પાણી, ગટર અંગે વુડા અથવા અન્ય સંસ્થા કાયમી વ્યવસ્થા કરે ત્યાં સુધી સંપુર્ણ જવાબદારી અરજદારશ્રીની રહેશે.

૭. રીજીયોનલ ફાયર ઓફીસર, સ્ટેટ ફાયર પ્રિવેનશન સર્વિસીસ, વડોદરાનું "ના-વાંધા પ્રમાણપત્ર"નં. આર.એફ.ઓ/ફન-૦૬/ફાયર NOC/૧૧૮/૨૦૧૮,તા. ૨૦/૦૯/૨૦૧૮ની શરતોનુ પાલન કરવાનુ રહેશે. (નકલ સામેલ છે.)

૮. કોમન જીડીસીઆરની જોગવાઇ મુજબ ઓક્યુપન્સી મેળવતા અગાઉ ૦૧ ટાવરનો ઇન્સ્યોરન્સ લઇ રજુ કરવાનો રહેશે.

૯.પ્લીન્થચેક સર્ટીફીકેટ મેળવતા અગાઉ રીવાઇઝ વાણિજ્ય હેતુ માટેના બીનખેતી હુકમની રજુ કરવાનું રહેશે.

૧૦. અરજદારશ્રીની રજુઆત અન્વયે પ્રિમીયમ ફી પેટે ભરવાની થતી રકમના ૨ હપ્તા કરી આપવામાં આવેલ છે.તે રકમ તે મુજબ સમયસર ભરપાઇ કરવાની રહેશે તથા આ એડવાન્સ ચેક કોઇપણ કારણસર પરત આવશે તો તમામ હપ્તાની રકમ એક સાથે ભરપાઇ કરવાની રહેશે. અન્યથા વિકાસ પરવાનગી રદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૧૧.નગર રચના અધિકારીની કચેરી, નગર રચના યોજનાઓ, એકમ-૩, વડોદરા દ્વારા તા.૧૮-૦૫-૨૦૧૮ના પત્ર ક્માંક: નરયો/નં.૨(સેવાસી)/કેસ નં./૩૦૦ માં દર્શાવેલ તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

મંજુર કરેલ પ્લાનની નકલ આ સાથે સામેલ છે.

13/11/2018

ઉપ નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

નં.યુડીએ/પ્લાન-૬/પરવાનગી/૪૭/૨૦૧૮
શહેરી વિકાસ સત્તામંડળ,
કારેલીબાગ, વડોદરા – ૧૮.
તા. /૧૧/૨૦૧૮

નકલ રવાના પ્રતિ :-

કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.

જીલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફ્તરની કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.

નગર રચના અધિકારીશ્રી, નગર રચના યોજનાઓની કચેરી,વડોદરા તરફ જાણ સારૂ.

Scanned by CamScanner